Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# ગુજરાતી કથા સાહિત્ય પર ગાંધી પ્રભાવ

**ભટ્ટ મોનિકા અમૃતલાલ**
પીએચ.ડી. સ્કૉલર

જીવનનું કોઈ પણ ક્ષેત્ર એવું નહીં મળે કે જેની ઉપર મહાત્મા ગાંધીનો પ્રભાવ નહીં પડ્યો હોય! એમનું જીવન, એમનાં નિત્ય જીવનનાં વ્રતો, એમની સાદગી, એમના વિચારો અને આચારોમાં રહેલી દૃઢતા, માનવમૂલ્યો માટેની એમની ખેવના, દેશપ્રેમ અને પીડિતો માટેની ઊંડી સંવેદનાઓ: આ બધું જ એમના સાહિત્યમાં સુપેરે વણાઈ ગયેલું છે. ગાંધી તો અમારા ગુજરાતના છે. છેક 1930માં, દાંડીકૂચ માટે નીકળ્યા ને પ્રતિજ્ઞા લીધી કે 'કાગડા-કૂતરાના મોતે મરીશ પણ આઝાદી નહીં મળે ત્યાં સુધી સાબરમતી આશ્રમમાં પાછો પગ નહીં મૂકું.' ત્યાં સુધી ગુજરાત જ ગાંધીની કર્મભૂમિ રહ્યું! એમનું સાહિત્ય માતૃભાષામાં રહ્યું. માતૃભાષા અને માતૃભૂમિ એમને આજીવન પ્રાણપ્યારાં રહ્યાં હતાં.

ગાંધીજી સાહિત્યકાર ગણાય? એવો પ્રશ્ન ઘણાંને થયો હતો ને આજેય થતો હશે! તો સીધો જવાબ છે- હા! મોહનદાસ કરમચંદ ગાંધી ભલે કાયદાનું ભણ્યા પણ એમનું લેખન કાયદા-કાનૂન વિશેનું નથી. એમણે તો જીવન અને જીવનમૂલ્યો વિશે લખ્યું. સરળ, સહજ ને રસાળ શૈલીમાં લખ્યું. સાદગી અને વાસ્તવવર્ણન એના ગુણ વિશેષ છે. ગાંધીજી 'સર્જક' નથી પણ 'લેખક છે. મહાદેવ દેસાઈની ડાયરીમાં સચવાયેલાં એમનાં વ્યાખ્યાનો : ગાંધીજીને લેખક ઠરાવતાં મહત્ત્વનાં લેખનો છે. ગાંધીજી કવિ-વાર્તાકાર નથી. ચરિત્રકાર અને નિબંધકાર છે, અનુવાદક છે, સારા આસ્વાદક છે. સાહિત્યના વાચક ખરા પણ પાછલી જિંદગીમાં એવો સમય નથી મળ્યો, પરંતુ એમની 'આત્મકથા' ભારતની મુખ્ય ભાષાઓમાં તથા વિશ્વની અનેક ભાષાઓમાં અનુવાદરૂપે પહોંચી ગઈ હતી. દુનિયાનાં 'બેસ્ટ સેલર્સ' પુસ્તકોમાં એનું સ્થાન હંમેશાં રહ્યું છે. પ્લેટોની જેમ ગાંધીજી પણ સાહિત્યને ઉપયોગિતાના દૃષ્ટિકોણથી જુએ છે. સાહિત્ય અલંકૃત ભાષામાં અને કલાના દૃષ્ટિકોણથી લખાય એ વાત ગાંધીજીને જચતી નથી. એ તો કહે છે કે ખેતરમાં કોસ હાંકતો કોસિયો, સમજી શકે એવી ભાષામાં સાહિત્ય હોવું જોઈએ. એમાં જીવનમૂલ્યો, ચારિત્ર્યઘડતરની વાતો હોવી જોઈએ. ઘણાંને એ ખબર નહીં હોય કે (1918)માં ગાંધીજી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદની ચૂંટણી, રમણભાઈ નીલકંઠ સામે હારી ગયા હતા- હજી એ દેશમાં નવા-નવા હતા. જોકે, 1936માં પરિષદ પ્રમુખપદે એમની વરણી થઈ હતી, ને બારમા અધિવેશનમાં અમદાવાદ ખાતે, કવિવર ટાગોરની હાજરીમાં ગાંધીએ ઉપરોક્ત વિચારો પ્રમુખપદેથી કહ્યા હતા. ગાંધીજી 'સરસ્વતીચંદ્ર' વાંચે છે ને થોડા સારા શબ્દો પણ કહે છે. ક.મા. મુનશીની નવલો માટે

ગાંધીજીને ઉમળકો નથી. એમને તો તોલસ્તોયની 'ધ કિંગડમ ઓફ ગોડ ઈઝ વિધિન યુ' જોઈએ છે. 'વૈકુંઠ તારા હ્દયમાં છે'- કેવો સરસ અનુવાદ છે! રસ્કિનનું 'અનટૂ ધીસ લાસ્ટ' એમનું પ્રિય પુસ્તક છે. 'સર્વોદય' નામે એનો અનુવાદ એ કરે છે. ક્યારેક મણિલાલ નભુભાઈની 'અમર આશા' ગઝલ વિશે ખુશ થઈને લખે છે ખરા, પણ એમને તો 'વોર એન્ડ પીસ' જેવી મહાન કથા ખપે છે. ગુજરાતી સાહિત્ય પર ગાંધીજીનો ઊંડો અને વ્યાપક પ્રભાવ પડ્યો હતો. ગાંધીના વિચારપત્રો-હરિજનબંધુ-યંગ ઈન્ડિયા વગેરે દ્વારા ગાંધીવિચાર ઘેર-ઘેર પહોંચેલા. આત્મકથા-સત્યના પ્રયોગો- 1926માં પ્રગટ થઈ એ જ વર્ષે ધૂમકેતુ 'તણખા' મંડળ-1ની વાર્તાઓમાં ગામડું લઈ આવેલા. ગાંધીવિચારનો પ્રભાવ એવો રહ્યો કે 1925થી 1940ના સમયગાળાને ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં 'ગાંધીયુગ'ને નામે ઓળખાવવામાં આવ્યો. ઉમાશંકર-સુન્દરમ ની કવિતા-વાર્તામાં એ પ્રભાવ સ્પષ્ટ છે. ઉમાશંકર જોશી નું 'વિશ્વશાંતિ' એનું પ્રથમ ઉદાહરણ છે. 'વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી પશુ છે પંખી છે પુષ્પો વનોની છે વનસ્પતિ.' ગાંધીપ્રભાવે સાહિત્યમાં ગામડું આવ્યું, દેશદાઝ પ્રગટી, સાદી ને અર્થવાહી ભાષામાં વાર્તા-નવલ-નિબંધ લખાવા માંડ્યાં. 'હું માનવી, માનવ થાઉં તો ઘણું' વગેરે દ્વારા માનવતા-પ્રેમ-કરુણાની વાત ઝીલાઈ. 'કલ્યાણયાત્રી' જેવા દીર્ઘ કાવ્યમાં ગાંધીને વર્ણવતા અંતે કવિ કરસનદાસ માણેક કહે છે: 'કાવ્યનું સત્ય છો બાપુ! સત્યનું કાવ્ય છો તમે ઝંખતી કાવ્યને સત્યે : સૃષ્ટિ આ આપને તમે.' મંગલ પ્રભાત : નિબંધાત્મક લખાણો : ચરિત્રચિત્રણ આત્મકથા-સત્યના પ્રયોગો : હિન્દ સ્વરાજ લેખક' છે. વિશ્વ સાહિત્ય જયારે યુદ્ધની વિનાશક્તાથી દવસ્થ થઇ વ્યથા વેદના વગેરે અને નિરાશાના સૂર છોડી રહ્યું હતું ત્યારે ગુજરાતી સાહિત્ય ગાંધીજીના પ્રભાવ હેઠળ શાંતિ-બંધુત્વ, સત્ય, અહિંસા, દીનજન-વાત્સલ્યતા રંગે રંગાઈ ગયું હતું. આ યુગના સાહિત્યકારોએ એ જ વિષયો પર સાહિત્ય રચ્યું. સાહિત્યમાં દેશપ્રેમ, આઝાદીની તમન્ના દેશ માટે કંઇક કરી છૂટવાની ભાવના પ્રતિબિંબિત થઇ છે.ગાંધી વિચારધારામાં સાહિત્યકારો, કાકાસાહેબ કાલેલકર, કિશોરલાલ મશરૂવાળા, મહાદેવભાઈ દેસાઈ, સ્વામી આનંદ, કરશનદાસ માણેક, કૃષ્ણદાસ, શ્રીધરાણી વગેરેએ એમના સર્જનમાં ગાંધીજી પ્રબોધી ભાવનાઓ વ્યક્ત થઇ છે. ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણ, દારૂબંધી, દીનજનોના સર્વાંગી વિકાસ માટે પણ ભગીરથ પુરુષાર્થ કર્યા એનો પડઘો પણ ગાંધીયુગના સાહિત્યમાં પડ્યો. સુંદરમ્, ઉમાશંકર, સ્નેહરશ્મિ, મેઘાણી, ધૂમકેતુ, રા.વી.દેસાઈ વગેરેના સાહિત્યમાં દલિત, પીડિત, શોષિત, અબુદ્ધ, શ્રમિક, નિરક્ષર અને અછૂત વર્ગના સ્ત્રી-પુરુષો સ્થાન પામ્યાં તેમની ભાવનાઓ, આશા-આકાંશાઓ, સમસ્યાઓને વાચા આપવાના પ્રયાસો થયા. ગાંધીયુગમાં કવિતા, નવલકથા, ટૂંકીવાર્તા, નાટક, એકાંકી, નિબંધ, આત્મકથા વગેરે અનેક સાહિત્ય સ્વરૂપો ઉલ્લેખનીય ખેડાણ

થયેલું. આ સ્વરૂપો વિષય, ભાવ, ભાષા અને અભિવ્યક્તિની દ્રષ્ટિએ નવીનતા દાખવવા લાગ્યા. સાક્ષરયુગમાં ટૂંકીવાર્તાના સ્વરૂપને અવતારવાની મથામણ થ ગાંધીજીએ 'આશ્રમ ભજનાવલી' દ્વારા ભારતીય સંત સાહિત્યની વિદ્યાશાખાને સ્થાન આપ્યું. જે સ્વતંત્રતા સંઘર્ષ માટે તે એક અનિવાર્ય માંગ હતી. આ વિદ્યાશાખાના શ્રેષ્ઠ અભ્યાસી રહ્યા વિનોબા ભાવે. વિનોબાને આપણે ત્યાં ભૂદાન-ચળવળથી ઓળખીને સ્થાપી દેવાયા છે. ગો.મા. ત્રિપાઠીનું 'કલ્યાણગ્રામ' ગાંધીજીના 'હિન્દ સ્વરાજ'નું ગામડું આજે તો ગ્રામલક્ષ્મી, ગોપાલગ્રામ, નંદીગ્રામથી લઇ ગોકુળગ્રામ, ઇ-ગ્રામ બની ચૂક્યું છે. પણ ગુજરાતી સાહિત્ય જગતે આ આદર્શ સામે વાસ્તવ જગત પણ રજૂ કર્યું છે. દાખલા તરીકે મડિયાનું 'લીલુડી ધરતી' અને 'શેવાળના શતદલ' યાદ આવે.

વિધાયક અભિગમવાળા શિક્ષણમાં સ્નેહરશ્મિ તથા કર્મશીલ જયંતિ દલાલની કલમ ગાંધી પ્રભાવના આઘાત-પ્રત્યાઘાત આપે છે. સ્વતંત્ર ભારતમાં ગુજરાતી સાહિત્યકારોમાં 'દર્શક' ગાંધીજીને 'ઝેર તો પીધાં જાણી જાણી' નિમિત્તે રજૂ કરે છે. ગાંધી હયાત હતા ત્યારે એ ગાંધીજીને બરોબર વ્યક્ત નથી કરી શક્યા. પરંતુ ગાંધી ગયા પછી ગાંધી બળકટ રીતે પ્રગટ થયા. 'સોક્રેટિસ', 'કુરુક્ષેત્ર', તથા અધૂરી રહેલી 'લિંકન' વિષયક કૃતિ ગાંધીની સત્તા અને સમાજ વિશેની વિભાવના પ્રગટ કરે છે. આપણા જ્ઞાનપીઠ વિજેતા સર્જક રઘુવીર ચૌધરી 'વેણુવત્સલા' નિમિત્તે ગાંધી નિરૂપે છે. આ લખનારને નરેશભાઈ વેદે જણાવ્યું કે હરમાન હેસની 'સિદ્ધાર્થ' સાથે આ કૃતિની તુલના કરી શકાય એટલી સક્ષમ રચના છે. હરીન્દ્ર દવે 'ગાંધીની કાવડ' તથા 'મોટા અપરાધી મહેલમાં' નવલકથાઓ આપી આપણે ગાંધીથી કેટલા દૂર નીકળી ગયા તેની યાદ આપી. ગદ્યકારો ઉપરાંત કવિઓએ ગાંધીને યાદ કરીને પુષ્કળ લખ્યું છે. પણ એક કલાસ્વરૂપ તરીકે તેની પ્રતિષ્ઠા ગાંધીયુગમાં થઇ. એકાંકીનું સ્વરૂપ પણ આજ યુગમાં જ એક અગ્રણી કવિ સ્નેહરશ્મિ દ્વારા દૃઢમૂળ થયું.

'આટલાં ફૂલો નીચે ને આટલો લાંબો સમય ગાંધી કદી સૂતો નથી.' કહેનાર હસમુખ પાઠકથી લઇ રતિલાલ 'અનિલ', શેખાદમ આબુવાલા જેવા કવિઓ ગાંધીજીને યાદ કરે છે. રાજેન્દ્ર શુક્લ ગાંધીને રાજઘાટ પર જ યાદ નથી કરતા, આપણા રોજિંદા આરોગ્યની તકેદારી રૂપે કંઈક આ મતલબનું કહે છે : 'કેટલા છે જીવલેણ રોગો પણ કામ આપતા નથી સત્યના પ્રયોગો પણ'. તો હાલ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ સિતાંશુ યશશ્ચંદ્ર 'ગાંધીડો કઈ બકરીનું દૂધ પીવે ?' કહી બહેતર સમાજ રચના માટે ઝીલવા પડતા પડકારોમાં ગાંધી-ઉદાહરણો આપે છે. તેમણે એક સારી વાત પર ધ્યાન દોરેલું કે વહાણના પાટિયા પર બેસી લખેલ પુસ્તકના લખાણોમાં કશીક ભૂલ હશે. પણ એ ભૂલો ગાંધીજીએ જીવન દ્વારા સુધારી હતી. તાજેતરમાં ગાંધી દોઢસોમી નિમિત્તે કવિ કમલ વોરાએ 'પરબ' સામયિકમાં ગાંધી વિષયક નાની ક્ષણિકાઓ રૂપે રચનાઓ આપી છે, તે ગાંધી

સ્મરણનો શ્રેષ્ઠ ઉપક્રમ રહ્યો. ગાંધીના પુત્ર હરિલાલ નિમિત્તે લખાયેલ નવલકથા કે કવિ નાનાલાલના ‘પ્રભાતનો તપસ્વી’ અથવા ‘વર્ધાના વંઠેલ’ના સ્મરણનો હેતુ નથી, કારણ કે ગાંધીના મૂળ તત્ત્વને કઈ રીતે પ્રગટ કરવું તે સર્જકની મથામણ હોય છે. ગાંધીની પ્રશંસા કે ગાંધીની ટીકા એ સર્જકકર્મ નથી, એ તો વિચારકો-વિવેચકો-દર્શનિકોનું કામ છે. સર્જક તો એ તપાસે છે કે મૂળમાં ગાંધી કેવી રીતે પ્રગટે. નાટકોમાં કે અન્ય સાહિત્ય સ્વરૂપમાં, ટી.વી., સિનેમા દ્વારા પ્રગટતા ગાંધીજી એ અલગ અભ્યાસનો વિષય છે. હા, એક અન્ય વાત નોંધવી જોઈએ કે ગુજરાતમાં સમગ્ર ગાંધી સાહિત્યનો અભ્યાસ કરનાર વ્યક્તિવિશેષ પણ પ્રાપ્ત થતાં જ રહ્યા છે. જેમકે ચી.ના. પટેલ, દક્ષાબેન પટ્ટણી, રામનારાયણ પાઠક, નગીનદાસ સંઘવી, નારાયણ દેસાઈ, જયંત ગાડીત અને પ્રબોધ પરીખ જેવાં કેટલાં ય નામ ગણાવી શકાય. અત્રે નોંધ મૂકવાનો હેતુ એ છે કે ગાંધીજીએ મુનશી જેવા સાહિત્યકારને ‘પૃથ્વીવલ્લભ’ નિમિત્તે કેવી રીતે જોયા તે તેમનો અભિગમ. પણ સાહિત્યકારોએ ગાંધીજીને કઈ રીતે જોયા છે, તે શોધકર્તાઓ માટે આજે પણ રસનો વિષય બને તેમ છે. ગાંધી અનુપ્રાણિત ‘જોડણીકોશ’ ગુજરાતી સાહિત્યકારોએ અપનાવેલ પરંપરાનું સહજ ઉદાહરણ છે.

ગાંધીજી રાષ્ટ્રવ્યાપી ચેતનાએ માત્ર ગુજરાતી સાહિત્યને નહીં પરંતુ ભારતનાં અન્ય ભાષાસાહિત્યોને પણ અનુપ્રાણિત કરેલાં છે. એમના વ્યક્તિત્વની અને એમની વિચારધારાની બળવાન અસર હેઠળ અનેક ભાષાઓમાં ગાંધીવાદી સાહિત્યે જન્મ લીધો છે. ગુજરાતી સાહિત્યમાં તો પંડિતયુગનાં ભારઝલ્લાં સાહિત્યમૂલ્યોને અતિક્રમી સાદગી અને સરલતાનાં આમમૂલ્યોને ઝીલનારા ગાંધીપ્રભાવિત સાહિત્યુગને ‘ગાંધીયુગ’ નામ અપાયું છે; તેમ જ ગાંધીચિંતન એમનું સાહિત્ય હેતુલક્ષિતા અને લોકહિતની ભાવનાથી પ્રેરિત છે. એમનાં લખાણો મુખ્યત્વે લોકશિક્ષણ અને લોકજાગૃતિ અર્થે હતાં. એમાં અસાધારણ માનવભાવ અને ઉગ્ર આચારનો સંસ્કાર છે. અનેક સામયિકો દ્વારા તેમણે સામાજિક, રાજકીય, નૈતિક, સાંસ્કૃતિક, ધાર્મિક, આર્થિક, કેળવણી તેમ જ આરોગ્યવિષયક પ્રશ્નો અંગે પ્રજા સાથે જીવંત સંપર્ક સાધેલો. સત્ય અને અહિંસા એમના જીવનનાં તેમ એમના સાહિત્યનાં ચાલકબળ રહ્યાં છે. એમની મિતાક્ષરતા નોંધપાત્ર છે. પ્રજાના હૃદય સુધી પહોંચનારી એમની ગદ્યશૈલી સરલ પ્રૌઢિનો અને સ્પષ્ટવાહકતાનો અંગીકાર કરીને ચાલે છે. એમણે ગુજરાતી ગદ્યને નવું ચેતન, નવી દિશા આપ્યાં છે.

આમ ગાંધીયુગે ગુજરાતી સાહિત્યની દસે દિશાઓ ખોલી આપી તેના વિકાસની અને કવિ શક્યતાઓ દર્શાવી વિષયો, પાત્રનિરૂપણનું પણ વૈવિધ્ય સંધાયું. કોશિયો, સામાન્ય માણસ પણ સમજી શકે તેવી સરળ ભાષાનો આદર્શ ઉભો થયો. પંડિતયુગની પ્રશિષ્ટવાળી (ભાષા) ગાંધીયુગમાં સાર્લ, પ્રવાહી, પ્રાસાદિક બની. માનવતાવાદ અને સૌંદર્યનો પુરસ્કાર ગાંધીયુગના સાહિત્યને સમૃદ્ધ કરવામાં મહ્દ અંશે સફળ

થયો.સુધારાયુગમાં સ્થિર થવા મથતું ગુજરાતી સાહિત્ય સાક્ષરયુગમાં પૃષ્ઠ બન્યું અને ગાંધીયુગમાં કેટલાક કદમાં આગળ વધી પ્રગતિશીલ અને પ્રાણવંત બની રહ્યું. ગાંધીયુગમાં ગુજરાતી સાહિત્યનાં ક્ષિતિજો ખૂબ વિસ્તરેલા જોવા મળે છે.[ મણિલાલ.હ.પટેલ,નભૂભાઇ દ્વિવેદીઅનેઅન્ય ગાંધીસાહિત્ય સંદર્ભ પરથી ]